# ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (આઈ.ઓ.ટી.) સોલ્યુશન્સ આર્કિટેક્ટ

સંસ્થામાં જે આઈ.ટી. પ્રોફેશનલ્સ આઈ.ઓ.ટી.(ઇન્ટરનેટ ઓફ થિંગ્સ) સોલ્યુશન્સને લાગુ કરવા માટેની વ્યૂહરચના તૈયાર કરવા માટે તેમજ તેની દેખરેખ રાખવા માટે જવાબદાર છે તેમને ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (આઈ.ઓ.ટી.) સોલ્યુશન્સ આર્કિટેક્ટ તરીકે ઓળખવામાં આવે છે. તેઓ ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (આઈ.ઓ.ટી.) ટેક્નોલોજીનો વ્યવહારુ ઉપયોગ અને તેને લગતી એપ્લિકેશન વિકસાવે છે. (આઈ.ઓ.ટી.) સોલ્યુશન્સ આર્કિટેક્ટ સામાન્ય રીતે પ્રક્રિયાઓ વિકાસાવવાની કામગીરીને સરળ બનાવવા માટે એન્જિનિયરો અને વેચાણકર્તાઓ સાથે કામ કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે કમ્પ્યુટર પર સહજ રીતે કામ કરી શકો છો
- તમે સમસ્યાઓ/પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવાનું પસંદ કરો છો
- તમે કામ કરતી વખતે વિગતો પર ધ્યાન આપો છો
- તમે અન્ય લોકો સાથે સહજતાથી વાતચીત કરી શકો છો



આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૪૦,૦૦૦ થી ૫,૪૦,૦૦૦* જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- એન્જિનિયરીંગ માટેની વિશિષ્ટ શિષ્યવૃત્તિ - તમે એન્જિનિયરીંગ માટેની વિશિષ્ટ શિષ્યવૃત્તિ પસંદ કરી શકો છો જેમ કે ઇન્ડસઇન્ડ ફાઉન્ડેશન શિષ્યવૃત્તિ, બાબા ગુરબચન સિંઘ શિષ્યવૃત્તિ યોજના, સેમસંગ સ્ટાર સ્કોલર પ્રોગ્રામ ૨૦૨૨, શિષ્યવૃત્તિ માટેની કેન્દ્રીય ક્ષેત્ર યોજના, જે.એસ.પી.એન. શિષ્યવૃત્તિ ૨૦૨૨ વગેરે.
- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો. (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ગણિત)

૨. કમ્પ્યુટર સાયન્સ / ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (IOT)માં સ્નાતક (B.Tech/BSc/BCA)ની ડિગ્રી મેળવો. **અથવા**

સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, સમાન ક્ષેત્રમાં અનુસ્નાતક (M.Tech/ME/MSc/MCA)ની ડિગ્રી પ્રાપ્ત કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (આઈ.એ.ટી.) સોલ્યુશન્સ આર્કિટેક્ટનું અંદાજીત માસિક વેતન રૂ. ૧,૬૭,૦૦૦ થી ૨,૫૦, ૧૦૦* જેટલું હોય છે.

સ્ત્રોત: https://www.payscale.com/research/IN/Job=Software_Architect/Salary/e5a6e350/Internet-of-Things-IoT

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** તમે ટેલિકોમ્યુનિકેશન ઉદ્યોગમાં, આઈ.ટી. સેવાઓ અને કન્સલ્ટિંગમાં, ઔદ્યોગિક મશીનરીમાં અને ઈલેક્ટ્રોનિક અને ઈલેક્ટ્રોનિક પ્રોડક્ટ મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં પણ તક પ્રાપ્ત કરી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** કામકાજનો સમય સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ પ્રતિ દિવસ ૮ થી ૯ કલાકનો હોય છે. શિફ્ટ પ્રથા ઉપલબ્ધ હોય છે.

**ઉદ્યોગ સાહસિકતા:** આ ક્ષેત્રમાં તમે ફ્રીલાન્સિંગ કરી શકો છો.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

જુનિયર ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (આઈ.ઓ.ટી.) સોલ્યુશન્સ આર્કિટેક્ટ → સિનિયર ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (આઈ.ઓ.ટી.) સોલ્યુશન્સ આર્કિટેક્ટ

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ઈન્ટરનેટ ઑફ થિંગ્સ, ઈન્ટરનેટ ઑફ થિંગ્સ એનાલિસ્ટ, ઈન્ટરનેટ ઑફ થિંગ્સ એક્સપર્ટ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ કમ્પ્યુટર સાયન્સ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. આઈ.આઈ.ટી., ગાંધીનગર
૨. ગવર્મેન્ટ એન્જિનિયરીંગ કૉલેજ, રાજકોટ
૩. જે.સી. બોઝ યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, હરિયાણા
૪. જવાહરલાલ નેહરુ ટેકનોલોજીકલ યુનિવર્સિટી, આંધ્રપ્રદેશ
૫. વીરમાતા જીજાબાઈ ટેક્નોલોજીકલ ઈન્સ્ટિટ્યૂટ, મુંબઈ
૬. યુનિવર્સિટી વિશ્વેશ્વરાય કોલેજ ઓફ એન્જિનિયરીંગ, કર્ણાટક
૭. ગવર્મેન્ટ એન્જિનિયરીંગ કૉલેજ, ભરૂચ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. પીડીઈયુ, ગાંધીનગર
૨. પારૂલ યુનિવર્સિટી, વડોદરા
૩. ક્રાઈસ્ટ યુનિવર્સિટી, બેંગલુરૂ
૪. એલ.ડી. એન્જિનિયરીંગ કૉલેજ, અમદાવાદ
૫. શારદા યુનિવર્સિટી, ગ્રેટર નોઈડા
૬. વેલ્લોર ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી, વેલ્લોર
૭. પ્રેસિડેન્સી યુનિવર્સિટી, બેંગલુરૂ
૮. સત્યભામા ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ચેન્નાઈ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL * સ્વયમ: https://onlinecourses.nptel.ac.in/noc22_cs53/preview
- www.skillindiadigital.gov.in
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in

NPTEL-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**ડેનિલો ડાયઝ** માઈક્રોસોફ્ટ સાથે ઈન્ટરનેટ ઓફ થિંગ્સ સોલ્યુશન્સ આર્કિટેક્ટ છે. તેમણે આર્કેડિયા યુનિવર્સિટીમાંથી કમ્પ્યુટર સાયન્સમાં સ્નાતક તેમજ મેનેજમેન્ટમાં એમ.બી.એ. કર્યું છે. ડિયાઝ તમામ કદની સંસ્થાઓને તેમના ઉદ્યોગોમાં આઈ.ઓ.ટી. થકી જે લાભો પ્રાપ્ત થવાની સંભાવના છે તે લાભોને મહત્તમ રીતે હાંસલ કરવામાં મદદરૂપ થવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.*

સ્રોત: https://www.iotforall.com/webinar/softeq-75-of-iot-projects-fail

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.